## બોર્ડની જાહેર પરીક્ષાની 'મધ્યસ્થ મૂલ્યાંકન'ની કામગીરી કરનારા કર્મચારીઓને વળતરરજા મંજૂર કરવા અંગે

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મઉમશબ/3093/3175
સેક્ટર 10-બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. 28-4-2006

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય

વિષય : બોર્ડની જાહેર પરીક્ષાની 'મધ્યસ્થ મૂલ્યાંકન'ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને વળતરરજા મંજૂર કરવા બાબત.

*સંદર્ભ : (1) બોર્ડની કારોબારીસમિતિનો ઠરાવક્રમાંક : 768/2006, તા. 28-4-2006.*

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ચાલુ શાળા દરમિયાન 'મધ્યસ્થ મૂલ્યાંકન'ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને રવિવાર અને જાહેરરજા દરમિયાન કરેલ કામગીરીની રજા આપવા બાબતે બોર્ડની તા. 28-4-2006ની કારોબારીસમિતિમાં બાબત રજૂ કરવામાં આવી હતી. સમિતિના ઠરાવક્રમાંક : 768/2006 અન્વયે બોર્ડની જાહેર પરીક્ષાની 'મધ્યસ્થ મૂલ્યાંકન'ની કામગીરી માટે જાહેર રજા/રજાના દિવસોએ કામગીરી કરનાર કર્મચારીઓને વળતરરજા આપવાનું ઠરાવવામાં આવ્યું છે. તો તે પ્રમાણેની જાણ આપના તાબા હેઠળની શાળાઓને કરવા જણાવવામાં આવે છે..

*નોંધ : રવિવાર અને જાહેરરજાઓમાં જેટલા દિવસ કામ કર્યું હોય તેટલા દિવસની વળતરરજા મળવાપાત્ર થાય, પરંતુ વળતરરજા જૂન-2006 થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષમાં જ ભોગવી લેવાની રહેશે વળતરરજાને સર્વિસબુકમાં રજાના હિસાબોમાં ઉધારવાની નથી જેની ખાસ નોંધ લેવી.*

સહી, વી. બી. નાણાવટી
સચિવ, ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર